# સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ

ફોન : ૨૩૨૨૬૨૫૧

## સલામી સવારની..

અસર, ઉહાપોહ-ચકાસવાનો તોલ હોય છે,
ચૂંટણી સર્વે કરવાનું નાટક, પોલ હોય છે,
પોલંપોલ હોય છે, પૈસા પ્રમાણે પરિણામની -
મનમાની કરી લેવાનો પ્રચાર ઢોલ હોય છે..
(-પછી, મુખ્યમંત્રી, આનંદીબેન - સર્વે પોલ)

## હાઇકુ

'ક્લીટ ચીંટ' તો -
વેંચાય કરોડોમાં -
કોર્ટ દુકાને...

'સીટ' તણખે
દેશમાં, ઠેર-ઠેર,
પ્રકટી હોળી..

## ચિંતન

*બંધુનાં સુહૃદાં ચૈવ ભૃત્યાનાં સ્ત્રી જનસ્ય ચ । અવ્યક્તે ષ્વપરાધેષુ ચિરકારી પ્રશસ્યતે ॥*

'ભાઇ, મિત્ર, સેવક, સ્ત્રીજન, વગેરેના અપ્રકટ અપરાધોને પ્રકટ ન કરવા અર્થાત્ જાહેર ન કરવા અથવા તો સમય આવે ત્યારે વિલંબથી જ જાહેર કરનાર જ પ્રશંસાને પાત્ર છે.'

સંસાર વ્યવહારમાં એવા કેટલાય બનાવ-પ્રસંગો બનતા હોય છે જ તાટસ્થ્ય પૂર્ણ માત્ર નિરીક્ષણ કરવાથી જ સમસ્યાઓ આપ મેળે સૂલઝતી હોય છે. બોલવાથી કે હાહાકાર કરી ધજાગરા કરવાથી વાત બગડે છે અને સમાજમાં ઘર-પરિવારનું વધારે ખરાબ લાગે છે.

ભાઇ અને મિત્રોમાં બધાના સ્વભાવ સરખા નથી હોતા કોઇ ક્રોધી-શાંત-સહનશીલ-સ્વાર્થી-ત્યાગી-ધીરજવાન-ક્ષમાવાન કે વૈરભાવ રાખનારા વિવિધ પ્રકારના હોય છે આવા સ્વભાવ ને કારણે ભાઇ કે મિત્રો કયા સમયે શું બોલ્યા હતા કે એનો શું ગુન્હો હતો તે પ્રગટ કરવાથી સંબંધ બગડે છે શાંતિ અને મૌનથી ઘા-આઘાત રૂઝાઇ જાય છે.

સેવક-ચાકર-નોકર આપણી સેવા કરતાં કરતાં એનાથી કંઇ દોષ થઇ જાય-એવા સંજોગોમાં મૌન-શાંતિ રાખી જોયું ન જોયું કરવું.

આ સદ્ગુણ કેળવવાથી સંઘર્ષ થતો નથી અને પ્રશંસનીય બને છે.

## સુવિચાર

- કર્મ તેરે અચ્છે હૈ, તો કિસ્મત તેરી દોસ્ત હૈ, દિલ તેરા અચ્છા હૈ તો ઘરમેં મથુરા કાશી હૈ.. - *ડોંગરેજી*
- ઉદારતા વધુ આપવામાં નહીં, પરંતુ સમયસર આપવામાં રહેલી છે - *એસ. ભટ્ટાચાર્ય*
- ચાહે લાખ કમાયે ધન દૌલત, યે બંગ્લા કોઠી બનાઇ હૈ, માબાપ હી નાખુશ હૈ તેરે, બેકાર યે સારી કમાઇ હૈ - *સંત પુનિત*
- પ્રગતિ સૌને પ્રિય છે, પણ પ્રગતિને પ્રામાણિકતા અને પુરૂષાર્થ વ્હાલા છે તે ન ભૂલવું જોઇએ - *ડોંગરેજી*
- દુ:ખમાં માનવી એકલો રહેવાનું પસંદ કરે છે, અને સુખમાં માનવીને સમાજમાં રહેવું ગમે છે - *માનસસૂત્ર*
- માણસ પોતાના અને પોતાના પરિવાર માટે જે કાંઇ કરે તેને પ્રવૃત્તિ કહીએ અને જયારે માણસ અંગત સ્વાર્થ પર જઇ જે નિસ્વાર્થ ભાવે કાર્ય કરે તેને નિવૃત્તિ કહીયે - *શાહબુદ્દીન રાઠોડ*
- જરૂર પૂરતી સંપત્તિ માનવીને સાચવે છે, જરૂરથી વધી જાય તો માનવી સંપત્તિને સાચવતો થઇ જાય છે - *અરબી કહેવત*

*(સંકલન : દીપક વી.આસરા)*

## બોધ કથા

આજના સંત-મહાત્મા-બાપુઓ પોતાની પ્રસિદ્ધિ સિદ્ધિના સ્વાર્થ માટે માટે કંઇ પણ કરવા તૈયાર થઇ જાય છે મેલી વિદ્યા દ્વારા 'સિદ્ધિ' પ્રાપ્ત કરવા નિર્દોષ નાના બાળકોનો બલિ આપતાં પણ અચકાતાં નથી!

એકવાર એક જૈન મુનિ ગોચરી વહોરી ઉપાશ્રયમાં આવ્યા. સંપ્રદાય અને પંથોની દુશ્મનાવટ હવે બધે ફેલાઇ ગઇ છે. કોઇ એવા ટૂંકી બુદ્ધિના શ્રાવકે ઝેરી કોઇક વસ્તુ ગોચરીમાં પધરાવી દીધી. ગુરૂજીએ ગોચરીનો પ્રથમ કોળિયો મોઢામાં નાખ્યો અને એમને વિચિત્ર સ્વાદ સાથે કંઇક કડવાશનો અનુભવ થયો. એનો અંતરાત્મા એ તરત અટકાવ્યા.

ગુરૂએ એ ગોચરીનો ઉપયોગ કર્યા વિના કયાંક દૂર જંગલમાં નાખી આવવા સૂચના આપી.

શિષ્ય એ ગોચરી લઇ જંગલમાં ગયો. જયાં જયાં નાખવા વિચાર કરે ત્યાં કીડી-મંડોકા કે નાના જીવ દેખાય-ખાડો કરી નાખવા વિચાર્યું પણ એમાંય જીવાત થવાનો ભય તો હતો જ. હવે એને ચિંતા થઇ, હું જયાં પણ આ ગોચરી નાખીસ ત્યાં બિચારા નાનાં જીવજંતુઓ એ ખાઈ જશે અને એમના મૃત્યુનું કારણ હું જ બનીશ! હવે કરવું શું? આખરે વિચાર્યું, અનેક જીવ હત્યા થાય એનાં કરતાં એક 'આત્મહત્યા' નું પાપ લેવું શું ખોટું? ગોચરી હું જ ખાઇ લઉં..

અને ગોચરીનો ઉપયોગ કર્યો. થોડી જ ક્ષણમાં ઝેરની અસર થઇ. મૃત્યુ પામ્યા અને તેમનાં ચહેરા પર અનેક જીવ હિંસાથી બચી જવાનો પરિતોષ હતો.

Email - sureshchandrabhatt18@gmail.com

# ચાય પે ચર્ચા...!! ચાની ચૂસ્કી ને ચૂંટણીની ચટપટી ચટાકેદાર ચર્ચા...!!

## જીસ રાજયમેં વિકાસ હૈ, ઉસકી પોલ હમ ખોલેંગે, જીસ રાજય મેં અંધેર હૈ ઉસકી બાત કયું છેડેંગે?

## રાહુલ તો કબાડા હૈ, મોદી તો ઘોટાલા હૈ, કેજરીવાલ તમાશા હૈ, હોલી હમ ખેલેંગે કિસીકો નહીં છોડેંગે

'સાંભળો છો, લો ચા પી લો, સરસ આદું નાંખીને બનાવી છે.'

'ના તું જ પી લે, મને આમેય ચા ઓછી પસંદ છે, કૉફી હોય તો વળી અલગ છે.'

'ચર્ચા કરવી હોય તો ચા જ જોઇએ, મોદીજી એ કીધું અને એય પાછું વિશ્વ મહિલા દિવસે...'

'સારૂં, તારી સાથે ચર્ચા કરી માથું ચઢાવવું એના કરતાં ચા પી લેવી કયારેક સારી.'

પત્નીની ચર્ચા પડતી મુકી ચંપકલાલ ચાની કિટલીએ પહોંચ્યા ટાઈમપાસ કરવા, અને ત્યાંય ગરમાગરમ ચર્ચા જ ચાલુ હતી.

'અરે, આવો ચંપકલાલ , લો અટકાવો અડધી...'

'ના, યાર હમણાં જ પત્નીનાં હાથની પતાવીને આવ્યો છું, એક કામ કરો, કૉફીનું કહો.'

'ના હોં, કૉફી વીથ કરણ સારૂંલાગે છે કે પછી કૉફી વીથ કેજલીવાલ ફીટ થાય, પણ 'ચાય પે ચર્ચા'માં તો ચા જ જોઇએ, લો, આ સ્પેશિયલ ઑર્ડર આપી મુકાવી છે, આ તો પેલો કેજરીવાલનો ચમચો એનું ઘર વાળવા રહ્યો એટલે તમારાં ભાગમાં આવી છે.'

'ના નથી પીવી, ચા ઉત્તેજક પદાર્થ છે, સ્વયંસેવકોએ તો કયારેય ચા પીવી જ ના જોઇએ.'

'તમારી વાત તો સાચી, પણ ચર્ચા વખતે તો ચા જોઇએ ને? સાલું આખો દેશ પેલા ચા વાળાનાં ટોણા પરથી 'ચાય પે ચર્ચા' ના ઢાંસુ આઈડિયા પાછળ દિવાનો બન્યો છે, ઠોકો એક કપ...'



## Hello ફ્રેન્ડસ!

—સંજય થોરાત

hellogandhinagar@gmail.com

'પેલી આપણી રાજદૂત, શું નામ ભલું? દેવયાની ખોબ્રાગડે, આમ એનું અપમાન કરાય? આમ તો લોકોનાં કપડાં ઉતારવાનું કામ નેતાનું પણ આમ અધિકારીના કપડાં ઉતારાય? અને એ પણ એક મહિલાનાં? આ સાલા અમેરિકાવાળા સમજે શું એમનાં મનમાં?'

'મોટા ભાઈ થોડા શાંત થાવ, લો આ ચા, ખારી મંગાવું સાથે? મજા પડશે...'

'ના, ના યાર, ખારીમાં તો વનસ્પતિ ઘી આવે ને ચરબી ચઢે'

'લો, લો - આ તો 'લક્ષ્મી'ની છે અને આ નેતાઓ આટલાં બધાં વિકાસનાં કામોમાં કેટલાંય રૂપિયાની મલાઈ ખાઇ જાય છે તોય કયાં કોઈ તકલીફ થાય છે? ખાઈ ખાઇને એમની ફાંદ એટલી આગળ આવે છે કે ઉભા રહે તો પોતાનાં ચપ્પલે ય ના દેખાય... દે તાલ્લી...'

'પણ યાર, એકવાર આ મોદી જો વડાપ્રધાન બને તો એણે પેલાં ઓબામાને ય વિઝા ના જ આપવાં જોઈએ, અને એમની કોઈ ભૂરી અધિકારી આવે તો એનાંય કપડાં ઉતારી ચેકીંગ કરાવવું જોઇએ, પછી ખબર પડે...'

'અરે છોડો ને એ ચર્ચા, ઘણા વિષય છે, આપણી પાસે, જો ને પેલાં શંકરસિંહ બાપુ શું બોલ્યા, ભાજપ કોંગ્રેસનો ભંગાર લઈ જાય છે, લો બોલો એ પોતે ભાજપનો ભંગાર નથી?'

'ભંગાર હતો તે આજે ખબર પડી? આટલાં વર્ષ શું કામ સાચવી રાખ્યો? બાપુનાં નજરે શું કાટ ચઢી ગયો હતો? સાલું, સાચવી શકતા નથી ને જાય એટલે ભંગાર? કંઇ વાંધો નહીં 'સ્ટેચ્યુ ઓફ યુનિટી' બની જ રહ્યું છે અને ભંગાર કામમાં આવી જશે.'

'અને મોદીનો સાક્ષીભાવ જોયો? ૬૩માં વર્ષે ૩૬ વર્ષે લખેલી ડાયરી યાદ કરીને છપાવી.'

'અરે, એમનાં સાક્ષીભાવમાં તો કેટલાંય તણાંયાને ડૂબ્યા છે, જોને રાદડીયા, નરહરિ, ઝડફીયા, કેશુબાપા, સુરેશ મહેતા, શંકરસિંહ, બધાં મોદીજીનો સાક્ષીભાવ જોઇજ રહ્યાં છે ને ?'

'હા, અને એમનાં ગુરૂ, પાંચ વર્ષે એકાદવાર ગાંધીનગર પ્રગટ થઈ, ચૂંટાઈ પાંચ વર્ષ દિલ્હીમાં રહેતા અડવાણી? બચ્ચારાંને વડાપ્રધાન થવું હતું અને મોદીના સાક્ષીભાવમાં કહો કે પ્રભાવમાં કહો, પદ ય ગયું ને પ્રતિષ્ઠાય અને હવે કદાચ ગાંધીનગરની સીટ પણ...'

'ચા તો પીવો, ઠંડા થવા લાગી, ઉપર મલાઈ પણ બાઝી ગઈ...'

'મલાઈ તો કેજરીવાલ પણ ભાળી ગયા છે ને? અન્નાના ખોળામાં બેસી, સેવાની વાતને ભૂલીને, ભ્રષ્ટાચારનો ઝાડુ લઈ દેશ ચોખ્ખો કરવા વાળવા નીકળી પડયા છે, દિલ્હી તો સાચવીના શક્યા પણ દેશનો મોટો લાડવો ખાવો નીકળી પડ્યાં છે?...'

'પાછો મારો બેટો જાણે સિંગાપુર, શાંઘાઈ, અમેરિકાનો આંટો મારી ગુજરાતમાં ઉતર્યો હોય એમ વિકાસ કયાં છે? નાં પ્રશ્નપત્રો લઈ ફરતો હતો, ભ્રષ્ટાચારની સામે પડેલો એને ટૉલટેક્ષ નહીં ચૂકવવામાં ભ્રષ્ટાચાર ના દેખાયો નહીં.'

'સાનમાં સમજો ને યાર, એ કોંગ્રેસનું પ્યાદું છે, ભાજપ શાસિત રાજયોમાં જઈ બખાડાં કરે છે. બીજાની પ્રગતિ જોઈ એનું નાક વહેતું જ રહે છે એને લૂંછવા મફલર ગળે રાખે છે. બીજા અંધેર જેવા અંધારા રાજયમાં જવાની શો ફાયદો એવું એ સમજે છે.'

'અને એમનાં કાર્યકરો ઝાડુ લઈ સફાઈના ફોટા પડાવે છે, અને એ જ જગ્યાએ પાછી ચા ના કપ, નાસ્તાની પ્લેટો ફેંકી કચરો કરે છે, આ વાત પર તો યાર એક કટીંગ ફરી આવવા જ દો...'

'હા જો ને પેલા કોકે માત્ર કોમેન્ટ કરી આ તો ચા વેંચવાવાળો છે, દિલ્હીમાં સંસદ ભવન બહાર એકાદ કિટલી ખોલાવી દઈશું એવા મહેણાંના જવાબમાં તો આખી આ 'ચાય પે ચર્ચા' નો કંન્સેપ્ટ લઈ આવ્યા ને મોદી?'

'પણ એક વાત તો માનવી પડે કે કેજરીવાલે મફત પાણી, મફત વીજળી આપવાની વાત કરી, રાહુલે મફત ભોજન, લેપટોપ, મોબાઈલ જેવી વાત કરી, પણ આ મોદી કશું મફત આપવામાં માનતાં જ નથી? આ અરધી ચામાં જ રાજી રહેવાનું?'

'ના, ના એવું નથી, એ તો એમ જ કહે છે, પુષ્કળ રોજગારી હશે, મહેનત કરો, કમાવો અને જે ખરીદવું હોય તે ખરીદો.'

'પણ એમને તો બિલ્ડરો અને બિઝનેસમેનો ખરીદી જ લીધાં છે ને? અદાણી-નેનો? વિકાસ કોનો કર્યો સામાન્ય માણસનો કે મોટાં માથાનો?'

'ના યાર, એ અવનવી યોજનાઓ અને સ્કિમો તો લાવે જ છે ને? પણ આ મીડિયાવાળા છે ને એમને જાણી જોઇ છાપરે ચઢાવે છે.'

'આમ તો કેજરીવાલે પણ કીધું છે ને કે એ સત્તા પર આવશે તો મીડિયાને જેલમાં મોકલશે.'




'મારો બેટો જબરો કેવાય નહીં? એ મેટ્રોમાં જાય, ઓટોમાં જાય, રસ્તા પર સુઇ, જાહેરમાં ચર્ચા કરે, તાયફા કરે એ બધાનું કવરેજ થાય એ માટે મીડિયાને જાણ કરે, અને એની એક જ 'આજતક'ની સાચી ક્લિપ ફરતી થઈ એમાં તો એમાં તો મીડિયા દુશ્મન?'

'મારૂં માનો તો આ કેજરીવાલને કયાં તો આગ્રાની હોસ્પિટલમાં મોકલી દો અથવા તો પાકિસ્તનમાં અરાજકતા ફેલાવવા મોકલો, એ લોકો કહેશે અમે તમને કાશ્મિર આપી દઈએ પણ આ કેજરીવાલને લેતા જાવ!!'

'પણ મોદી મહિલાઓનું કેટલું ધ્યાન રાખે છે નહીં?'

'હા જુઓને 'વિશ્વ મહિલા દિને' જ ચાય પે ચર્ચા કરી, મમતા-માયા-જયલલીતા-સુષ્મા સ્વરાજ બધાંનું કેટલું ધ્યાન રાખે છે? અને એ દિલ્હી જાય પછી ગુજરાતમાંય આનંદ જ હશે ને? એટલે કે આનંદીબેન જ મુખ્યમંત્રી બનશે ને?'

'અને, ૧૦-૧૨ ના વિદ્યાર્થીઓને પણ કેવા મસ્ત મેસેજ અપ્યો કો ટેન્શન કરવાનું નહીં મારે પણ ટેન્શન છે, છતાંય લડું જ છું ને?'

'અરે ભાઈ તમે તો એવા વિદ્યાર્થી છો કે ભલભલાને અંગુઠા પકડાવો છો, ઉઠબેસ કરાવો છો અને મરઘાંય બનાવો છો. કલાસ બહાર કાઢી મુકવા અને સસ્પેન્ડ કરવાનું તો તમને જ ફાવે. બીજા કલાસનાં સ્કૂલનાં વિદ્યાર્થીઓને તમારા કલાસમા બોલાવી પહેલી પાટલીએ બેસાડી શકો છો અને અડવાણી જેવાં ગુરૂનેય વિદ્યાર્થી બનાવી તમે સર બનો છો.'

*અનુસંધાન પાના.૬ પર*

# આ દેશની સૌથી સારી વાત એ છે કે નિરાધાર અને અશક્ત લોકોની મદદે કોઇ ને કોઇ અજાણી વ્યક્તિઓ પણ આવી જતી હોય છે

## નવાં કલેવર

*- નટવર હેડાઉ*

*(ગતાંકથી આગળ...)*

સાવ નંખાઇ ગયેલા વસંતરાય કંઇ પણ કહી શકે તેમ ન હતા.

હોસ્પિટલની બહાર બાંકડા પર ટેકો દઇ પોતાની પત્નીને બેસાડતાં બોલ્યા. 'દેવી ઘેર જવાનું ભાડું પણ નથી.'

'તમે શું કામ ચિંતા કરો છો. મારી પાસે થોડા પૈસા છે.' દુબળી અને નંખાઇ ગયેલ શરીરવાળી તેમની પત્નીએ પોતાના કપડાંમાંથી એક પોટલી કાઢી તેમાં સોનાની ચેન, ચાંદીના સાંકળા અને ચીમળાયેલી થોડી નોટો હતી. વસંતરાયની ઝંખવાયેલી આંખોમાં તેજ આવ્યું. તેમણે પોતાની પત્નીની બુઝતી દિપક જેવી આંખો સામે જોયું. તેમને લાગ્યું કે હજુ આમા તેલ બાકી છે. રૂપિયા ગણી તેમને વિશ્વાસ બેઠો. આટલા રૂપિયામાં આપણે ઘેર પહોંચી જઇશું.

તે પત્નીની તરફ જોઇને વિચારતા હતા કે કદાચ આપણી સંસ્કૃતિમાં સ્ત્રીને ઘરની લક્ષ્મી આ કારણથી જ કહેવાઇ હશે. ખરાબમાં હાલતમાં તેની પાસેથી બચાવેલી આટલી રકમ મળી.

આ દેશની સૌથી સારી વાત એ છે કે નિરાધાર અને અશક્ત લોકોની મદદે કોઇ ને કોઇ અજાણી વ્યક્તિઓ પણ આવી જતી હોય છે. આવા જ અજાણ્યા લોકોની આંગણી પકડી, તેમને આશીર્વાદ આપતાં આ પતિપત્ની પોતાના ઘેર પહોંચી ગયા. ઘરે પહોંચતાં દેવયાનીના ચહેરા પર અસીમ સંતોષની ઝલક દેખાતી હતી. આટલા દિવસો દીકરીની હોસ્પિટમલાં જાણે કે નર્કની યાતનામાં વિતાવ્યા હતા. 'અહીં' મારા ઘરમાં હું શાંતીથી મરી શકીશ. સારૂં થયું કે તમે મને ત્યાંથી અહીં લઇ આવ્યા.

તેમણે દેવયાનીના ચહેરા તરફ જોયું. આ ભોળી બાઇને એ પણ ખબર નથી કે તેની દીકરીએ તેને ત્યાંથી કાઢી મુકી છે. તેમનું ભગ્ન હૃદય હવે વધુ સહન કરી શકે તેમ ન હતું. પત્નીની વાત સાંભળીને દુ:ખનો દાવાનળ ફાટી પડ્યો. 'દેવી, હું તને ત્યાં લેવા નહોતો આવ્યો. ફક્ત તને મળવા આવ્યો તો.' તને ખબર નથી તેણે આપણને સૌની સામે કઇ રીતે અપમાનિત કર્યા. આપણને ત્યાંથી કેવી રીતે કાઢી મુકયાં. અરે! આવું વર્તન તો કોઇ પરાયાં સાથે પણ ન કરે. દેવી... આપણી દિકરી... આવું કરે એવું તો વિચાર્યું પણ નહોતું. તેમને ડુમો ભરાઇ આવ્યો. આ મકાન માટે, નિર્જીવ દિવાલો માટે થઇને ધક્કો મારી દીધો. માં બાપને ધક્કો માર્યો.... કહેતા અચાનક એ જોર જોરથી હસવા લાગ્યા. દેવયાની કેટલી માનતાઓ તેં માનેલી આના માટે, નિર્જીવ દિવાલો માટે થઇને ધક્કો મારી દીધો. મા - બાપને ધક્કો માર્યો... કહેતાં અચાનક એ જોર જોરથી હસવા લાગ્યા. દેવયાની કેટલી માનતાઓ તેં માનેલી આના માટે, દેવી તને યાદ છે બાળપણમાં એ માંદી પડેલી, એકદમ નબળી હતી તેથી તેનું નામ આયુશ્રી આપણે રાખેલું. તેણે પણ પોતાના દીકરાનું નામ ચિરાયું રાખ્યું. તેનું લાંબુ આયુષ્ય પ્રાપ્ત થાય તે માટે. આંખોમાં ફરી આંસુ આવી ગયા. દેવી જોજે તું આજે તેણે આપણી સાથે જે કર્યું છે એવું જ કાલે એનો દીકરો એની સાથે કરશે.

'એવું ન બોલો. મા-બાપ પોતાના બાળકોને આ રીતે શાપ ન આપે. તે તો તેના કોણ જાણે કયાં પાપને કારણે આવા કર્મો કરી રહી છે.' દેવયાની એ તેમના મોં આગળ હથેળી ધરીને મોં બંધ કરી દીધું. તેમની આંખોમાંથી આંસુ ટપકતા હતા. જે ચહેરા પરની કરચલીઓમાંથી માર્ગ શોધતાં હતા.

'તું માં છે તેથી તેને શાપ દઇ શકતી નથી. પણ મારૂં દિલ તેને કયારેક માફ નહીં કરે.' બસ આ વાત સાથે તે દિવસથી જ તેમણે અન્ન જળનો ત્યાગ કરી દીધો હતો. નાના ભાઇને ખબર પડતાં દોડીને આવ્યો. તેણે ભાઇ - ભાભીને સમજાવ્યા અને પોતાના ઘેર લઇ ગયો.

પતિની હાલત જોઇને દેવયાની પોતે મરણપથારી એથી બેઠી થઇ ગઇ. સ્ત્રીઓ કદાચ એટલી જલ્દી ટૂટી જતી નથી. ઘણના ઘા જેવી મુસીબતો તેમને લોખંડી બનાવી દે છે. નબળાઇ ને કારણે તેનાથી કાંઇ થઇ શકતું નહીં પણ એ તેમની પાસે જ બેસી રહેતી હતી.

બાવળના તીક્ષ્ણ કાંટામાં ભરાઇ જતાં જતાં મલમલના કપડાંની હાલત થાય તેવી તેમના શરીરની હાલત થઇ ગઇ હતી. પણ આત્માને કોઇ જાણે કઇ માયા મમતા શરીરમાં દબાવીને બેઠી હતી. મૃત્યુની ક્ષણ ટકોરા મારતી હતી. આ સમયે માણસને પોતાનું સંપૂર્ણ જીવન વૃંતાત આંખ સામે દેખાતું હોય છે.

એ સરકારી નોકરી કરતા હતા. પણ નાનો ભાઇ વધુ ભણી શકેલો નહીં. તેથી તેમના પિતાએ જમીનન થોડો વધુ ભાગ નાનાભાઇના નામે કરી દીધેલો. તે વાતે તમને પિતાની સાથે અણબનાવ થઇ ગયેલો. પિતા પણ તેથી નાનાભાઇ ભેગા રહેવા જતા રહેતા. પણ મા તેમની સાથે હતી. મા બિમાર પડતાં પિતાજી મળવા આવેલા ત્યારે તેમને તેણે આ જ રીતે અપમાનીત કરેલા. તેમની નજર સામે આયુશ્રી હોસ્પિટલનું દૃશ્ય તરવરવા લાગ્યું. સંપત્તિ જ તેનું કારણ બનેલી. આયુશ્રીના શબ્દો

*અનુસંધાન પાના.૬ પર*

# પ્રેમમાં ગુસ્સો અને ગુસ્સામાં પ્રેમ : તમને ગુસ્સો આવે ખરો?

## ગુલમહોર

*- દિનેશ દેસાઈ*

મહાન દાર્શનિક રુમિએ કહ્યું છે કે "પ્રેમ માત્ર ચાહવાનું જ શીખવે છે, નફરત કરવાનું નહીં." આ તરફ ઓશો કહે છે "તમે જ્યારે પ્રેમ કરો છો, ત્યારે બીજું બધું ભુલી જવાય છે. પ્રેમ હોય ત્યારે ઈર્ષા, નફરત, ગુસ્સો, તિરસ્કાર સહિત નકારાત્મક અવગુણો વરાળ બનીને ઊડી જાય છે."

રુમિના કહેવા પ્રમાણે પ્રેમ આપણને ઘણું બધું શીખવે છે. પ્રેમ ખુદ એક ધર્મગ્રંથ છે. દુનિયાના બધા ધર્મ પ્રેમ શીખવે છે. પરંતુ કોઈ ધર્મ નફરત શીખવતો નથી. ઓશોનું કહેવું તો એમ છે કે પ્રેમના કારણે જ આપણામાં રહેલા તમામ અવગુણો જતા રહે છે. પ્રેમમાં એ શક્તિ છે કે તે બીજી ખરાબ અને નકારાત્મક બાબતોને દૂર હડસેલી દે છે, નજીક આવવા દેતો નથી. પ્રેમની આ જ વિશેષતા છે.

તમારી પાસે પ્રેમ હોય તો તમારે બીજા કશાની જરુર નથી. જો તમારી પાસે દુનિયાભરની બીજી તમામ બાબતો હોય પણ પ્રેમ ના હોય તો? તો, દુનિયાના સૌથી ગરીબ માણસ છો. પ્રેમ માત્ર પ્રેમ શીખવે છે, પ્રેમ હોય ત્યારે નફરતનો પ્રવેશ થઈ શકે નહીં. પ્રેમ તમામ પ્રકારના અવગુણોને પોતાનાથી દૂર જ રાખે છે.

**તમારી પાસે પ્રેમ હોય તો તમારે બીજા કશાની જરુર નથી, જો તમારી પાસે દુનિયાભરની બીજી તમામ બાબતો હોય પણ પ્રેમ ના હોય તો? તો, દુનિયાના સૌથી ગરીબ માણસ છો**

પ્રેમ પાસે પોતાની ભાષા અને અભિવ્યક્તિ છે. પ્રેમમાં મૌનની ભાષા જ પ્રધાન એટલે કે મુખ્ય હોય છે. બે વ્યક્તિ વચ્ચે શબ્દો ઓગળી જાય તો એ પ્રેમ છે. બે વ્યક્તિ કોઈ શબ્દ બોલ્યા વિના એકમેકની વાત સમજી જાય એનું નામ પ્રેમ. મૌનની તાકાત એટલે પ્રેમ. આંખો-આંખોમાં થતી નજરોની વાતચીત એટલે પ્રેમ. બે હૃદયના ધબકાર એક સૂરમાં ધબકવા લાગે એનું નામ પ્રેમ.

પ્રેમમાં સંવાદને કે વાદ-વિવાદને સ્થાન જ નથી. જો વાદ-વિવાદ ઉભો થાય તો માનવું કે એવા સંબંધમાં પ્રેમ નથી, પરંતુ પ્રેમ હોવાનો વહેમ છે. પ્રેમમાં બીજી કોઈ જ વિભાવનાઓને સ્થાન નથી.

પ્રેમમાં પ્રેમનો જ સમાવેશ થાય છે, બીજા કશાયનો નહીં. પ્રેમ છુપાવી શકાતો નથી. એ ગુલાલ બનીને લહેરાતો હોય, ચહેરા ઉપર અને સમગ્ર અસ્તિત્વ ઉપર ઊડતો રહે છે.

પ્રેમમાં ગુસ્સાને સ્થાન જ નથી. કારણ કે પ્રેમમાં તિરસ્કાર કે અણગમાને પણ કોઈ સ્થાન ન હોઈ શકે. શું તમને ક્યારેક ગુસ્સો આવે છે? માણસને ગુસ્સો આવે ત્યારે મોટા અવાજે બૂમાબૂમ કરી મૂકે. ગુસ્સાની સ્થિતિમાં માણસનો સામાન્ય અવાજ મોટો થઈ જતો હોય છે. આમ કેમ?એની વાત પણ કરીએ.

એક જગ્યાએ બે જણા સામસામે ઊંચા અવાજે બોલી રહ્યા હતા. ઝગડો ચરમસીમા ઉપર હતો. બૂમાબૂમ ચાલુ જ હતી. આસપાસના લોકો ભેગા થઈ ગયા હતા.

ભીડમાંથી એક જણાએ બીજાને પૂછ્યું કે "આ લોકો ઝગડો કરી રહ્યા છે, પણ નજીકમાં જ ઉભા છે, એકમેકની વાત સાંભળી શકાય એમ હોવા છતા બૂમો પાડીને કેમ વાત કરતા હશે?"

સવાલ સાંભળનાર પાસે કોઈ જવાબ નહોતો. એને પણ ઊંચા અવાજનું આશ્ચર્ય થયું.

પેલા સજ્જને બીજા માણસને પૂછી જોયું કે "આ લોકો ઝગડતી વખતે પણ શું શાંતિથી વાત ન કરી શકે? અવાજ મોટો કરવાનું શું કારણ હોઈ શકે?"

વાત તો સાચી જ હતી. આપણા સૌનો આ અનુભવ છે. આપણને ગુસ્સો આવે ત્યારે આપણે મોટા અવાજે બૂમો પાડવા લાગીએ છીએ. જ્યારે ઝગડો થાય ત્યારે આપણો સામાન્ય અવાજ ઘણો મોટો થઈ જાય છે. આમ કેમ? સામેની વ્યક્તિ આપણી નજીક જ ઉભી હોય છે. આથી તેને સંભળાશે નહીં એવું માનવાને પણ કોઈ કારણ નથી. આથી શાંતિથી વાત ન કરી શકાય?

જવાબ એ છે કે બે વ્યક્તિ જ્યારે એકમેક ઉપર ગુસ્સો કરે ત્યારે તેમના હૃદય વચ્ચે અંતર પડી જ જાય છે. બે વ્યક્તિ જેટલો વધારે ગુસ્સો કરે એટલા જોરથી બૂમો પાડે છે, જેથી તેમનો અવાજએકમેકના હૃદય સુધી પહોંચાડી શકાય. આથી ઉલટું જ્યારે બે વ્યક્તિ પ્રેમમાં હોય ત્યારે તેઓ એકમેક સાથે અત્યંત ધીમા સાદે વાત કરતા હોય છે. જેને આપણે ગુસપુસ પણ કહી શકીએ.

બે પ્રિયજનનાં હૃદય અત્યંત નજીક હોય છે. બે હૃદય હળીમળી ગયાં હોય છે. આથી જ બે પ્રિયજન એકબીજાની સાથે વાત કરતા હોય ત્યારે તેમનાં હૃદય વચ્ચે અંતર હોતું જ નથી. બેઉ એકબીજાનો અવાજ અત્યંત ધીમો હોય તો પણ સાંભળી શકે છે. હૃદયના ધબકારનો અવાજ પણ આરામથી સાંભળી શકે છે.

પ્રેમ જ્યારે આગળ વધે છે ત્યારે પ્રેમ વધુને વધુ પરિપક્વ થતો જાય છે. પ્રેમ ઘૂંટાતો જાય છે. પ્રેમ ઘાટો થાય છે, મજબુત બને છે. એ સ્થિતિમાં બે પ્રિયજનોને વાત કરવાની એટલે કે બોલવાની પણ જરુર પડતી નથી. બે પ્રિયજન ચહેરાના હાવભાવ યા તો આંખોમાં જોઈને એકમેકની વાત સમજી જાય છે. બે પ્રિયજન – બે હૃદય નજીક આવી ગયાં હોય એ પછી બોલવાની પણ

*અનુસંધાન પાના.૬ પર*